## ગોંડલ ખાતે હાટકેશ્વર મંદિરનો જીર્ણોધ્ધાર મહોત્સવ ઉજવાયો

અત્રેના નાગર શેરી વિસ્તારમાં આવેલ ૨૧૯ વર્ષ પૂરાણા હાટકેશ્વર મહાદેવ મંદિરનો જીર્ણોધ્ધાર અને મૂર્તિઓની પુનઃપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૦ થી ૧૪ ફેબ્રુઆરી દરમ્યાન હિંદુ અને વૈદિક સંસ્કૃતિ અનુસાર ભાગવતાચાર્ય ડો. અનંતપ્રસાદજીની અધ્યક્ષતામાં દબદબાભેર ઉજવાઇ ગયો.

પ્રવેશદ્વાર પૂર્વાભિમુખ થતાં શિવભકતોને પ્રદક્ષિણાની સરળતા, આધુનિક બાંધકામ સાથે જળ પૂરવઠો અને સુંદર બેઠક વ્યવસ્થા,મહાદેવજીની મધ્યસ્થા દર્શાવતી આરસપહાણની મનોહર માંડવી નવનિર્મિત મંદિર અને પરિસરની વિશેષતાઓ છે.ભારતીય પરંપરા મુજબ પંચમહાભૂતો- અગ્નિ,જળ વાયુ અને આકાશના તત્વો સહિત શિવ પરિવાર-શ્રી ગણેશ, હનુમાનજી, પાર્વતીદેવી, ગંગાજી,ધર્મના પાયારૂપ શિવવાહન નંદી અને ઈન્દ્રીયોના સંયમ સૂચક કાચબાની મૂર્તિઓના પુનઃ સ્થાપનથી મંદિરમાં જાણે નવા પ્રાણ પૂરાયા છે, તો કુળદેવના મુખ્ય વડનગરના હાટકેશ્વરદાદાના ફોટો તથા ભકત કવિ નરસિંહ મહેતાની પ્રતિમાથી મંદિર અતિ શોભાયમાન બન્યું છે.

આ કાર્યમાં ગોંડલ સાથે આજે પણ નાતો ધરાવતા વતનીઓ અને દેશ પરદેશમાં વસતા અદના દાતાઓ,જ્ઞાતિજનો, મહોલ્લાના મહાદેવજીમાં શ્રધ્ધા ધરાવતા સૌએ અનુદાનમાં અગ્રેસર રહી આ ભગીરથ કાર્યના સ્વપ્નને સાકાર કર્યું. આ મહામૂલા અવસરના સાક્ષી બનવા સૌરાષ્ટ્ર, ગુજરાતના શહેરના અસંખ્ય જ્ઞાતિજનો ઉમટયા હતા અને આ નિમિત્તે તા. ૧૪ના અંતિમ દિવસે આશરે ૫૦૦થી વધુ જ્ઞાતિજનોએ મહાપ્રસાદ લીધેલ. જીર્ણોધ્ધાર સમિતિ તરફથી દાતાઓને કલમ કડછી બરછીના આપણા મુદ્રાલેખના પ્રતિક સાથેનું મેટલ કીચેઇન તથા શિવસંગ્રહ નામક પુસ્તિકા ભેટ રૂપે આપવામાં આવી હતી.

આ યજ્ઞકાર્યને સાકાર કરવામાં સર્વશ્રી પિયુષભાઈ વસાવડા, કમલેશભાઈ દેસાઈ, ચંપકભાઈ અંજારીયા, જયેશભાઈ માંકડ,પરિનભાઈ બુચ અથાક પરિશ્રમ સાથે નિમિત્ત બન્યા.

આવો, આપણે પણ આ નિઃસ્વાર્થ સત્કાર્યમાં સંમિલિત સૌને ધન્યવાદ પાઠવીએ.

## ભુજ ખાતે ઉજવાયો મહાશિવરાત્રી ઉત્સવ

ભુજ ખાતેના શ્રી વડનગરા નાગર મંડળના ઉપક્રમે હાટકેશ્વર મંદિરમાં શિવરાત્રી નિમિત્તે વહેલી સવારે મંગળા આરતી બાદ જ્ઞાતિગોર શ્રી જીતુભાઈ વોરાના આચાર્યપદે અને શ્રી દર્શકભાઈ અને સ્મિતાબેન બુચના મુખ્ય યજમાનપદે હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરાયેલ. જેમાં અન્ય છ દંપતિઓએ પણ ભાગ લીધેલ. ત્યારબાદ મંદિરના પરિસરમાં વડ વાળા યુનિટના નવનિર્મિત ખંડોનું વાસ્તુપૂજન કરવામાં આવેલ. જે માટે સ્વ. હર્ષદબેન પરિવાર તરફથી ૧લાખનું, દર્શકભાઈ બુચ તરફથી ૨૧ હજાર તથા અન્ય બંધુઓ તરફથી મોટી રકમનો આર્થિક સહયોગ મળેલ. બપોરના ૧ વાગ્યે હાટકેશ કોમ્પલેક્ષ ખાતે સમૂહ ફળાહાર ભોજનનું પણ પ્રતિવર્ષ મુજબ આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી ઉત્તરાબેન અંજારીયાના માર્ગદર્શન હેઠળ રાત્રે હાટકેશ મંદિર ખાતે ભરતનાટયમ દ્વારા શિવવંદનાના યોજાયેલ કાર્યક્રમમાં કુ. નિર્ઝરી અંતાણી, રીચા અંજારીયા તથા પ્રાચી વોરાએ ભાગ લીધેલ.આ અવર્ણનીય લાઈટ એન્ડ સાઉન્ડશોનું આયોજન પંકજ ઝાલા તથા નયન રાણાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.કાર્યક્રમ દરમ્યાન સ્વ. મંગળપ્રસાદ મેતાની પૂણ્ય સ્મૃતિમાં ભુજમાં વસતા નાગર અને ના.બ્રા. પરિવારજનોની માહિતી દર્શાવતી પુસ્તિકા સંપર્ક સેતુ-૨૦૧૦' પ્રસિધ્ધ કરવામાં આવેલ. બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપેલ. સંસ્થા પ્રમુખશ્રી અતુલભાઈ મહેતા અને કારોબારીના સભ્યો તથા અન્ય જ્ઞાતિ સંસ્થાઓના સહયોગથી આયોજન સફળતાને વરેલ.

**સુખ વહેંચવાની વસ્તુ છે અને દુઃખ પગ તળે કચડવાની વસ્તુ છે.**

લ ગ્ન વિ ષ ય ક જાહેરાત

(૧) બી. ફીઝીયો., એફઓઆર.,જ. ૮/૧૯૮૫, ૫'. ૧" ઉંચાઇ, સાર્કવસ ગોત્રની માંગલિક કન્યાને સમકક્ષ યુવક.

(૨) બી.કોમ., કોમ્પ્યુટર કોર્ષ, જ. તા. ૭/૧૯૭૮ માંગલિક કન્યાને યોગ્ય યુવક.

(૩) એમ.સી.એ., ૨૭ વર્ષ, ૫'.૪" ઉંચાઈ, ટીસીએસ કંપનીમાં સોફટવેર એન્જીનીયર તરીકે નોકરી કરતા, ગાંગ્યાનસ ગોત્રના માંગલિક યુવકને કન્યા.

(૪) સી.એ., જ. ૩/૧૯૮૦, ૫'.૮" ઉંચાઈના યુવકને સમકક્ષ કન્યા.

(૫) બી.ઇ. (ભાવનગર યુનિ.) એમ.ઇ. (એન્જી. મેને.) યુએસએ., જ.૭/૧૯૮૩, ૬'.૩" ઉંચાઈના યુએસએ ખાતે નોકરી કરતા યુવકને સમકક્ષ કન્યા.

(૬) બી.ઇ. (ઇસી) એમ.એસ. (સીઇ) યુએસએ., જ.૭/૧૯૮૪, ૫'.૧૦" ઉંચાઈના મેરીલેન્ડ-યુએસએ ખાતે સોફટવેર ડેવલોપર તરીકે કાર્યરત કાપિષ્ટ ગોત્રના યુવકને સમકક્ષ કન્યા.

(૭) સી.એ., જ. ૧૧/૧૯૮૨, ૫'.૯" ઉંચાઈના કાપિષ્ટલ ગોત્રના યુવકને સમકક્ષ કન્યા.

(૮) બી.એ., ૪૦ વર્ષ, ૫'.૭" ઉંચાઈના સ્વતંત્ર વ્યવસાય કરતા કાપિષ્ટલસ ગોત્રના યુવકને યોગ્ય યુવતી.

(૯) એમ.કોમ.,સંગીતવિશારદ, જ. ૨/૫૧ વિદેશમાં કાર્યક્રમો આપતા, દસ હજાર પેન્શન મેળવતા યુવકને યોગ્ય જીવનસાથી.

(૧૦) ધો. ૧૨ પાસ, જ.૩/૧૯૭૮, ૫'.૩" ઉંચાઈના નોકરી કરતા પાણિન્યાસ ગોત્રના યુવકને સમકક્ષ કન્યા.

(૧૧) એમ.સી.એ.(છેલ્લુ સેમે. ચાલુ), જ. ૨/૧૯૮૭, ૫'.૧" ઉંચાઈની કન્યાને સમકક્ષ યુવક.

## --- સગપણ - સગાઈ ---

- અમદાવાદ સ્થિત સપન શૈલેષભાઈ ઓઝાનું સગપણ ભુજ નિવાસી ઋચા કૈવલ્યભાઈ છાયા સાથે.
- મુંબઈ સ્થિત મૌલિન પ્રબોધ પંડયાનું સગપણ અમદાવાદ સ્થિત નીતી જયપ્રકાશ દેવાશ્રયી સાથે.
- જૂનાગઢ સ્થિત દિવ્યાંગભાઈ એન. ઝાલાનાં પુત્રી ભૂમિનું સગપણ જૂનાગઢના કામેન્દુભાઈ એસ. અવાશીયાના પુત્ર તેજસ સાથે.
- રાજકોટ નિવાસી સિદ્ધલ પરાસરભાઇ બુચનું સગપણ ઉના નિવાસી અંકિત કિરીટભાઈ દેસાઈ સાથે.
- ઉનાના દર્શના બિપીનભાઈ દેસાઈનું સગપણ મુંબઈ નિવાસી મિહીર પ્રભાકરભાઈ માંકડ સાથે.
- અમિતકુમાર ન. મહેતાના પુત્રી નિષ્ઠાનું સગપણ વડોદરા સ્થિત દક્ષેશ સ. નાણાવટીના પુત્ર ત્યાગિન સાથે.

**શુભ લગ્ન :** આણંદ સ્થિત અજયકુમાર હરીશભાઈ વોરાનાં પુત્રી કૃતિના લગ્ન ભુજના કિરણભાઈ અંજારીયાના પુત્ર પ્રેરિત સાથે.

**ભૂલ એવો છોડ છે જે દરેક ભૂમિમાં ઉગે છે.**

# મંગળદોષ (ભાગ - ૨) - શ્રી મહેન્દ્રભાઈ અંજારીયા, મુંબઈ

આ મંગળ પુરૂષ કુંડળીમાં ૭મે દ્રષ્ટિ કરે અને તેથી ગૃહસ્થજીવનમાં કલેષ વિસંવાદ, ફંદો, તકરાર ઉત્પન્ન થાય અને દાંપત્યજીવનમાં સુખ, સંતોષ અને આનંદને હાની કરે. પણ મૂળ ત્રિકોણી મંગળ ૧લે ઘાતક દ્રષ્ટિથી પત્નિ સ્થાન પરત્વે મંગળદોષ કરતો નથી.

વૃષભ લગ્નમાં મંગલ સપ્તમેશ અને વ્યયેશ થઈ ૧લે બેસે આમ બે કાલ સ્થાનો (૭મો અને ૧૨મો ભાવ)નો આધિપતિ લગ્નમાં બેસી ૭મે દષ્ટિ કરે તેથી જાતક કામી, વિલાસી, શૃંગાર સાહિત્યનો શોખ, જીવન મહાણવા ભોગવવાની વૃત્તિ હોય. ૭મે દષ્ટિ તેથી વૃશ્ચિક રાશિ પુષ્ટ બને, કામવૃત્તિ વહેલી જાગે. શુક્રના ઘરનો મંગળ કામી છે. સ્ત્રીની કુંડળીમાં આ મંગળ ૮મે દ્રષ્ટિ કરે, પતિના આરોગ્યને કે આયુષ્યને હાની કરે. સપ્તમેશ ૧લે બેઠો તેથી પોતાનો પતિ કે પત્નિ આ જાતકને આધિન રહેવાનો ઘણો સંભવ. વૃષભ લગ્નમાં પહેલે મંગલ મંગલદોષ કરે છે પણ લગ્નેશ શુક્ર કેન્દ્ર કે ત્રિકોણમાં કે ચંદ્રથી કેન્દ્ર ત્રિકોણે તો મંગળ દોષ નડતો નથી. સાતમે મંગળ જુએ અને સાથોસાથ સપ્તમભાવ અન્ય શુભગ્રહો ને જોવાયેલ હોય તેમજ સપ્તમ-અષ્ટમભાવોને પાપગ્રહનો સંબંધ ન હોય તો મંગળદોષ નડશે નહીં લગ્નજીવન સુખી સંપન્ન નિવડશે.

મિથુન લગ્નમાં મંગળ ષષ્ઠેશ એકાદશેષ તેની મહાદશામાં અશુભ ફળ આપે છે પરંતુ લાભેશ લગ્ને બેઠો એ શુભ સ્થિતિ છે પણ ષષ્ઠેશ લગ્ને સારો નહીં. આ લગ્ન માટે મંગળ પાપીગ્રહ છે તેથી બળ વાન મંગળદોષ કરે અને યોગ્ય લયમાં મંગળની દશા હોય તો ૭મે ધનુ રાશિ હોવા છતાં પણ મંગળ દોષ ઉત્પન્ન કરે છે, જીવનસાથી મૃત્યુ ન પામે પણ દાંપત્યજીવનમાં સુખનો અભાવ અનુભવાય.

કર્ક લગ્નમાં મંગળ રાજયોગ કારક તેથી નીચ રાશિમાં કોઈકે કહયું છે કે ચાર રાશિમાં મંગળ ઓછો દોષકારક છે. આમ મંગળ રાશિમાં ચોથે, આઠમે, બારમે, બીજે અને પહેલે હોય તો દોષ નાશ પામે બાકીનામાં વિશેષ દોષ ઉત્પન્ન કરે છે. યાદ રહે કે મંગળ યોગકારક હોવા છતાં પોતાનો પાપી સ્વભાવ જવા દેતો નથી. યોગકારક મંગળ બળવાન હોય, કેન્દ્ર ત્રિકોણમાં હોય તો ભૌતિક સુખ સંપત્તિ, સફળતા આપે પરંતુ મંગળદોષનું પુરૂં નિવારણ થયું છે એમ આજ સુધી જાણવામાં આવ્યું નથી.

સિંહ લગ્નમાં રાજયોગકારક મંગળ ૧લે અતિ મિત્ર રાશિઓ હોઈ બળવાન મંગળદોષ કરશે નહિ પરંતુ કર્ક અને સિંહલગ્નમાં મંગળદોષ કરતો નથી તે વાત અનુભવે સાચી લાગતી નથી. યાદ રહે કે કર્ક અને સિંહ લગ્નોમાં સપ્તેશ શનિ છે તે ગૃહસ્થ જીવનનું સુખ આપશે નહિં આમ છતાં પણ શનિ ઘણો શુભ બળવાન તુલા, મકર, કુંભ, ધન, મીનનો ન હોય ગુરૂથી દષ્ટિ યુકત યાતો પરિવર્તિત ન હોય તો આ બે લગ્ન કુંડળીવાળાને સારૂં દામ્પત્ય સુખ પ્રાપ્ત થતું નથી અને મંગળ અલ્પાંશે પણ સપ્તમ ભાવ પરત્વે ઝગડા કંકાસ અસંવાદી ફળ જરૂર આપે છે.

કન્યા લગ્નકુંડળી માટે મંગળ તૃતિયેશ અષ્ટમેશ છે તેથી ઘણો અશુભ છે આમ કન્યા લગ્નમાં પહેલે મંગળ કન્યા રાશિનો બળવાન મંગળ દોષ સર્જે છે. બુધની રાશિનો મંગળ જીવન સાથીને તારતો નથી. પરંતુ દાંપત્યજીવનને દુઃખી, કષ્ટદાઈ બનાવે છે. લગ્ને મંગળ અસ્તનો કે શુભગ્રહદષ્ટિ હોય તો નિવારણ થાય કે ત્રીજું અને આઠમું સ્થાન બન્ને આયુષ્યકારક મંગળ સ્થાનોનો સ્વામિ જો બળવાન હોય અને શુભ ગ્રહ સંબંધિત હોય તો લાંબું આયુષ્ય જાતક ભોગવે છે પણ નિર્બળ હોય, પાપપિડિત હોય તો કષ્ટમયી દુઃખદાયી બને છે અને ટૂંકી જીંદગી બનાવે છે. ૧૦મે મંગળ આ લગ્નમાં બળવાન ગણાતો નથી કારણ કે તેની બન્ને રાશિઓથી ત્રીજે / આઠમે છે.

**પોતાનું જુએ તે સંસારી, સર્વનું જુએ તે સંત.**

તુલા લગ્નમાં સપ્તમેશ, દ્વિતિયેશ શુક્રના લગ્નમાં જાતકને કામી વિલાસી બનાવે અને સાતમે સ્વરાશિને જુએ એટલે સ્થાન પરત્વે શુભફળ આપશે. આ ક્રમક સુખ બન્નેને મળશે. બન્ને મારક સ્થાનોનો સ્વામિ હોવાથી પાપપિડિત. બીજે, સાતમે, આઠમે ૧૨મે હોય તો પોતાની અંતરદશામાં બિમારી આપશે.

વૃશ્ચિક લગ્ન મંગળ ષષ્ઠેશ પણ છે. પોતાની દશાના અંતભાગમાં શુભ ફળ આપે છે, વિઘાતક દુ:ખ નથી આપતો અને સુખી દાંપત્યજીવન બક્ષે છે.

ધનુલગ્નમાં પંચમેશ વ્યયેશ લગ્ને મંગળ શુભ મનાય છે અતિમિત્ર રાશિમાં તેથી સાતમા સ્થાન પરત્વે વિઘાતક ફળ આપશે નહીં. પણ સપ્તમેશ બુધ નિર્બળ હશે પાપપિડિત હશે, દ્વિસ્વભાવ રાશિમાં તેમજ શુક્ર પણ નિર્બળ પાપપિડિત કે દ્વિસ્વભાવ રાશિમાં હશે તો સપ્તમ ભાવ પરત્વે અશુભફળ ચોકકસ આપશે. દ્વિભાર્યા યોગ બને કે પછી ઉપપતિ કે ઉપપત્નિ જેવું સૌખ્ય અપાવે.

મકરલગ્નમાં ૧લે મંગળ ઉચ્ચ બને છે. સુખેશ લાભેશ ઉચ્ચનો હોઈ દોષ કરતો નથી પરંતુ સપ્તમેશ ચંદ્ર નિર્બળ હશે પાપપિડિત હશે તો ખરાબ ફળ આપવામાં મદદરૂપ બનશે.

કુંભલગ્નમાં મંગળ તૃતિયેશ અને કર્મ થઈ શત્રુ રાશિમાં ૧લે હોવાથી મંગળ દોષ કરે છે – કોઈ કોઈ અર્વાચિન પંડિતોએ કુંભનો મંગળ દોષ કરતો નથી એમ કહયું છે અને એવો અપવાદ આવ્યો છે પરંતુ સત્ય નથી.

મીન લગ્નમાં દ્વિતિયેશ ભાગ્યેશ મંગળ બન્ને હોવાથી મંગળદોષ કરે છે.

આમ ઉપર મુજબ આપણે લગ્નવાર લગ્ને રહેલા મંગળની વાતો કરી અને હવે બીજાભાવે મંગળ શું ફળ આપે તે જોઈશું. બીજે મંગળ દોષ કરે છે. આ મંગળ પાંચમે સંતતિ સ્થાનને આઠમે અષ્ટમભાવને અને નવમે અષ્ટમ પૂર્ણ દ્રષ્ટિથી ભાગ્યસ્થાનને જુએ છે. બીજે મંગળનું સામાન્ય ફળ એ છે કે જાતકને તીખું,ગરમ-તામસિક પદાર્થો ભાવે છે.અને વાણી પણ તીખી-તેજ હોય છે.બીજું સ્થાન કુટુંબનું છે તેથી કુટુંબમાં કલેષ સર્જાય છે. મીઠીવાણી વશીકરણ અને તીખી વાણી શત્રુઓ ઉભા કરે છે. આ સ્થાન પતિ પત્ની માટે આયુષ્ય સ્થાન છે, ઘાતક છે. કારણ સપ્તમભાવથી આઠમોભાવ થાય તેથી બીજોભાવ અશુભ છે. પતિ કે પત્નીનું અકાળે અવસાન થાય.ઈન્દીરા ગાંધીની કુંડળીમાં બીજે મંગળ સિંહ રાશીનો હતો તેથી કુટુંબજીવન કલેષમય રહયું અને યૌવનમાં વૈધવ્ય પ્રાપ્ત થયું તે સુવિદિત છે. શાસ્ત્રમાં એક અપવાદ મુજબ વૃષભ અને સિંહ લગ્નોમાં બીજે મંગળ મિથુન કન્યા રાશીનો હોય તો મંગળ દોષ કરતો નથી.વૃષભ લગ્ન કુંડળીમાં સપ્તમ ભાવનો મંગળ આધિપતિ થાય અને જ્યારે પાપગ્રહ કેન્દ્રનો અધિપતિ થાય ત્યારે શુભ થાય છે તેવું પરાશર આચાર્ય કહે છે અને સિંહલગ્નમાં ચોથા તો નવામાનો સ્વામિ મંગળ રાજયોગ કરે છે, તેથી યોગકારક તરીકે મંગળ બીજે બેસે ત્યારે અશુભ ફળ ન આપે તેવો અપવાદ શાસ્ત્રએ કર્યો છે.

મેષ લગ્નકુંડળીમાં લગ્નેશ અને અષ્ટમેષ મંગળ બીજે હોય તો ધનપ્રાપ્તિ અને ધનનાશના બંને યોગો બને. આ જાતકની વાણીનું વજન ઓછું પડે, કામી વિલાસી, શુક્ર બળવાન શુભ સંબંધ ન હોય ને પાપ સંબંધી હોય તો પત્નીનું વહેલું મૃત્યુ વિચારવું પડે. સ્ત્રીઓ દ્વારા ધનનાશના યોગો બને.

વૃષભ લગ્નકુંડળીમાં બીજે મંગળદોષ કરતો નથી એવોઅપવાદ આપણે જોયો પરંતુ આ કુંડળી માં પણ શુક્ર નિર્બળ હોય પાપપિડીત હોય અને દ્વિસ્વભાવ રાશિમાં હોય તો એક પત્નીના મૃત્યુ પછી ભાર્યાનો યોગ બની શકે. પત્ની વાચાળ,બુધ્ધિશાળી પણ ચંચળ ચિત્તવાળી હોય. જાતકની વાણીને કારણે સંયુકત કુટુંબ વિભકત બને.

(અપૂર્ણ વધુ આવતા અંકે)

**માણસના ઉત્તમ મિત્રો છે એના હાથના દસ આંગળાં.**

## પ્રેમ

વેદો પૂરાણોથી ઉદ્‌ભવ પામેલોને,
હૃદયનાં ઊંડાણને પ્રગટાવતો એ...

કૃષ્ણ સુદામાની બાળપણની મૈત્રીના,
ઊર્મિરૂપી સાગરમાં છલકાતો એ...

રાધાના અધરો પર માધવના નામમાં,
ને માધવની બંસીમાં રેલાતો એ...

મીરાંનાં હૈયાની ગોવિંદકેરી ભક્તિમાં,
ને નરસિંહના પદમાં ગવાતો એ...

શામળના આખ્યાનમાં ને અખાના છપ્પામાં,
તુલસીકેરી ચોપાઈને મહેકાવતો એ...

સૃષ્ટિ સઘળી આજ ઘેલી બની છે એની,
મળે તેની જીંદગી શણગારતો એ.

– દેવન વસાવડા, રાજકોટ.

---

## બંધ આંખથી...

બંધ આંખથી કરૂં જો બંદગી, સ્થિર રહેના મન મારૂં,
ખુલ્લી આંખે કરૂં ભકિત તો,
ભોગો જુએ તન મારૂં ...બંધ આંખથી...

તારાં રૂપ અનેક પ્રભુ હું– કયાં કયાં દ્રષ્ટિ માંડું
અડધે રસ્તે ચાલી પાછો,
અડધે રસ્તે આવું...બંધ આંખથી...

રામતણું હું નામ જપું ત્યાં કૃષ્ણ સ્વરૂપને નીરખું,
શિવ જટાળા અંતર રાખી,
સાંઈ શરણે ચાલું ...બંધ આંખથી...

વિવિધ મંદિર મૂર્તિ તારી કેટલા મંત્રો સાધું
તૂટતી શ્રધ્ધા સાંધી સાંધી,
કેટલી ગાંઠો બાંધું ...બંધ આંખથી...

થાકીને અંતરમાં નીરખ્યું દિવ્ય સ્વરૂપ જે માણ્યું
'મન'ના મંદિરમાં જે બિરાજે,
'હર'નું શરણું સાચું ...બંધ આંખથી...

– મનહર જે. વૈશ્નવ, રાજકોટ.

## ગતકડાં....!!

-- મોઢે માસ્ક લગાવ્યા બાદ પણ
જો થયો ફલુ સ્વાઇન તો અવશ્ય મુખેથી
નીકળશે 'બ્લડી માસ્કલ'
-- આજકાલ સ્યુગર ફ્રી લઈ ડાયાબીટીશનાં
પેશન્ટો સ્વપ્નો સેવે છે 'ફ્રી સ્યુગરનાં'
આને કહેવાય પાવર પવારનો !
-- શાળા ખાલી ને કલાસ ભરેલ
વિદ્યા વેંચાઈ ને વિદ્યાર્થી વસ્તુ
મોંઘુ...મોંઘુ...તો'યે શિક્ષણ કાં સસ્તું ?
-- હવે કોયલ પણ વગાડી MP3
જગાડે બચ્ચાને !
રખેને ઉઠી ને કહે...'ચાલીજા વૃધ્ધાશ્રમને આંબે'
ટહૂકવાનું તેથી ચૂપ !

– પરેશ બુચ, જૂનાગઢ

---

## વસંત છું...

પાનખર નથી હું, વીતી ગયેલી વસંત છું.
સુકાયાં ભલે પર્ણો બધાં,
પણ ડાળી લીલીછમ છું.
    પાનખર નથી હું, વીતી ગયેલી વસંત છું.
ગ્રીષ્મના ઉન્હા વાયરાને–
સહી શરદની શીત લહેરીઓ
        વરસ્યો ના મેઘ કદિ,
        ને સૂકાઈ પર્ણો ગયાં ખરી,
ડરાવે છો, વૈશાખી વંટોળો–
પણ મૂળથી અડીખમ છું,
    પાનખર નથી હું, વીતી ગયેલી વસંત છું.
ખર ખર કરતાં પાંદડાં,
રેલાવે સંગીત લહેરી,
        પુષ્પકેરી પાંદડીઓ ભલે,
        સુકાઈને ગઈ ખરી,
મહેકાવે જે બાગને,
(તે) મૃગ કસ્તુરીનું મૃગ છું
    પાનખર નથી હું, વીતી ગયેલી વસંત છું.

– રેખા ઓઝા, ભાવનગર.

પુસ્તક વિનાનું ઘર એટલે પ્રભુની પ્રતિમા વિનાનું મંદિર.

## સમાચાર સંચય

**રાજકોટ :** દર વર્ષ મુજબ ચાલુ સાલ શ્રી હાટકેશ પાટોત્સવ સમિતિ દ્વારા તા. ૨૮/૩/૧૦ રવિવારના રોજ રાત્રે ૮ થી ૧૦ નાગર બોર્ડિંગના પટાંગણમાં પાટોત્સવ નિમિત્તે સ્વૈચ્છિક અનુદાનથી સમૂહભોજનનું આયોજન થશે. જ્યારે તા. ૨૯/૩ના રોજ સવારે ૯થી ૧૨ લઘુરૂદ્ર થશે. ભોજન માટેના પાસ તા. ૨૩/૩થી નાગર બોર્ડિંગ ખાતે સાંજે ૫:૩૦થી ૭:૩૦ દરમ્યાન મેળવી શકાશે. વધતી જતી મોંઘવારીમાં વ્યક્તિદીઠ આવતો ભોજનખર્ચ ઘણો વધી રહયો છે ત્યારે ખર્ચને પહોંચી વળવા જ્ઞાતિજનો પાસેથી વધુ યોગદાનની અપેક્ષા છે.

☺ હાટકેશ્વર મહાદેવ (બેડીનાકા)ખાતે તા. ૨૯/૩ના રોજ સવારે ૯ વાગ્યે સમૂહ રૂદ્રીપઠન સાથે પૂજન અને સાંજે પંચનાથ મંદિરથી શોભાયાત્રા નીકળશે.

☺ જામનગરના અજીતરાય શંકરલાલ માંકડનાં પૌત્રી કુ. ધાત્રી ધીરેન માંકડ (ધો. ૯) તાજેતરમાં લેવાયેલ નેશનલ સાયન્સ ઓલિમ્પીયાડની પરીક્ષામાં રાજકોટ કેન્દ્રમાં તૃતીય સ્થાન મેળવી ઉત્તીર્ણ થયાં.

☺ કુ. નિજા જયેશભાઈ મંકોડી બી.ઇ. (ઇસી)માં પ્રથમ સેમેસ્ટરમાં ૮૮.૭ ગ્રેડ સાથે વીવીપી. એન્જી. કોલેજમાં પ્રથમ સ્થાન સાથે ઉત્તીર્ણ થયાં.

☺ શ્રીમતી ધ્રુવાબેન અભયભાઈ અંજારીયા તથા શ્રીમતી જયશ્રીબેન ધીરેનભાઈ માંકડ દ્વારા તા. ૮ માર્ચ- આંતરરાષ્ટ્રીય મહિલા દિનના ઉપલક્ષ્યમાં તેઓ દ્વારા તૈયાર કરેલ વિવિધ કલાકૃતિઓનું એક પ્રદર્શન યોજવામાં આવેલ. જેને નિહાળી જ્ઞાતિ અગ્રણીઓ, જ્ઞાતિજનો દ્વારા સુંદર પ્રતિસાદ સાંપડયો. (પાટોત્સવ-સ્નેહમિલન જેવા જાહેર આયોજન સાથે સંસ્થાઓ કે રસ ધરાવતા સૌએ સાથે મળીને આવી 'ક્રીએટીવ' પ્રવૃત્તિ યોજી તેને વધુ લોકો સમક્ષ મૂકી વધુ પ્રોત્સાહક બનવા પ્રયત્ન પણ કરવા જેવો ખરો !)

☺ બૃહદ ગુજરાત સંગીત સમિતિ તરફથી લેવાયેલ સંગીતની પ્રારંભિક પરીક્ષામાં કુ. જયના સંજીવભાઈ ઓઝા (ધો.૨) ગાયનમાં વિશેષ યોગ્યતા સાથે ઉત્તીર્ણ થયાં.

☺ અતુલ વલસાડ સ્થિત અંકિત તુષારભાઈ મંકોડી ICWAIની ફાઇનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.

☺ કુ. નમ્રતા નલીનભાઈ છાયા દેનાબેન્ક મોરબી ખાતે જોડાયાં.

☺ કુ. નિરાલી માંકડ તા. ૮ એપ્રિલથી દૂરદર્શન પરથી શરૂ થનાર 'ચટ સવાલ પટ જવાબ'માં સ્કોરર તરીકે ચમકશે. તેણીએ વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરની રાજકોટની મુલાકાત લેતાં તે નિમિત્તે ડીઆરએમ ઓફિસર્સ કલબ ખાતે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં રજૂ થયેલ ૧૫ કૃતિઓમાં પ્રથમ નંબર મેળવ્યો.

**જૂનાગઢ :** રાજકોટ ખાતે વિવિધ સંગઠનોના ઉપક્રમે છેલ્લા ૬ માસ દરમ્યાન ચીર વિદાય લેનાર જ્ઞાતિબંધુઓને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાય ગયો. જેમાં અત્રેના હેમકલા માંકડ, ધારિણી વોરા, પ્રતિક્ષા વૈશ્નવ તથા ડો. નીલુ માંકડે તરૂણ તથા નીકુંજ માંકડના સાજના સથવારે સ્વરાંજલિ આપી હતી.

☺ અત્રેના જ્ઞાતિ હિતાર્થે વિવિધ પ્રવૃત્તિઓ કરી રહેલ 'શ્રી હાટકેશ સહિયર વૃંદ' દ્વારા આગામી અધિક માસ દરમ્યાન સમસ્ત જ્ઞાતિના સ્વર્ગસ્થ સ્વજનો તથા પિતૃઓની સ્મૃતિમાં તા. ૧૦/૪થી ૧૭/૪/૨૦૧૦ દરમ્યાન ' સમૂહ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'નું

**બધા જોડે બંધાય એ સંબંધ ને મા જોડે હોય એ ઋણાનુબંધ.**

આયોજન કરાયેલ છે. વ્યાસપીઠ પર શ્રી મધુસુદન શાસ્ત્રીજી બીરાજશે. જેનો લાભ લેવા સૌને આમંત્રણ છે. આયોજન ખર્ચને પહોંચી વળવા મુખ્ય યજમાન પદ ૫૧ હજાર, પોથી રૂા. ૫૦૦૦ કે કોઈપણ ઉત્સવનાં યજમાનપદ માટે રૂા. ૧૫૦૦ કે યથાશકિત અનુદાન આપી સહકાર આપવા અનુરોધ કરાયેલ છે. અનુદાન તથા વધુ માહિતી માટે ચેરપર્સન હેમાબેન શુકલ (૦૨૮૫-૨૬૭૧૮૨૩)નો સંપર્ક કરશો.

☺ અત્રેનાં કુ. ધરતી મયુરભાઈ વસાવડાએ દિવાળી દરમ્યાન યોજાયેલ જુદી જુદી રમતગમતમાં પ્રથમ-દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યા. તેમજ તેણી અને તર્જની હેમાંગભાઈ વસાવડાએ બેઠા ગરબામાં પ્રથમ સ્થાન મેળવી શિલ્ડ તથા રોકડ ઈનામ મેળવ્યાં.

**જામનગર :** ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં જ્ઞાતિના વિદ્યાર્થીઓ સારા ગુણ સાથે ઉત્તીર્ણ થાય તેવી શુભભાવના સાથે તા. ૨૮/૨ના રોજ જ્ઞાતિજનો દ્વારા સમૂહ રૂદ્રીપાઠનું આયોજ કરવામાં આવેલ.

☺ અત્રે ફર્સ્ટકલાસ મેજીસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા શ્રી કંદર્પકુમાર કૃષ્ણકુમાર ધોળકિયાએ હાઈકોર્ટ દ્વારા લેવાયેલ એડીશનલ ડીસ્ટ્રીકટ જર્જ-ફાસ્ટટ્રેક જર્જની પરીક્ષામાં સફળતા મેળવી આ ઉચ્ચ હોદા ઉપર બઢતી મેળવી જામખંભાળીયા બદલાયા.

☺ ડો. કેયુર બક્ષી, શ્રી હરિહર બક્ષી, બરછીના પ્રતિનિધી શ્રી જનકભાઈ માંકડના પુત્ર ભદ્રેશ માંકડ સપરિવાર દુબઈના પ્રવાસે જઈ આવ્યા.

☺ શ્રી યોગેશ પોટા દ્વારા સખી કલબ આયોજીત ટ્રેઝરહંટ-ખજાના શોધનું પેપર તૈયાર કરી નિર્ણાયક તરીકે પણ કામગીરી બજાવી.જેમાં તેઓએ જ્ઞાતિના ગૌરવરૂપ હાટકેશ્વર મંદિર તથા નરસિંહ મહેતાને આવરી લીધેલ.

☺ કુ. મૃગા કિરણભાઈ વસાવડા સી.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.

**જામખંભાળીયા :** જલ્પેશ કિરીટકુમાર માંકડ ગાંધર્વ મહાવિદ્યાલય દ્વારા લેવાયેલ શાસ્ત્રીય સંગીતની વિશારદપૂર્ણ પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થયા. તેઓનું સ્વર્ણિમ ગુજરાત વર્ષ અંતર્ગત અત્રેની નગરપાલિકા દ્વારા વિશિષ્ટ સેવા બદલ ૨૪ વ્યકિતઓમાં સન્માન કરવામાં આવ્યું.

☺ દર વર્ષ મુજબ હાટકેશ્વર મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રીના રોજ ચાર પ્રહરની આરતી, લઘુરૂદ્ર, શિવસ્તોત્રોનું આયોજન કરવામાં આવેલ. સૌનું દુગ્ધાનુપાનથી સ્વાગત કરવામાં આવેલ.

**ભાવનગર :** મહાશિવરાત્રી નિમિત્તે હાટકેશ્વર મહાદેવ મંદિરમાં રાજેશભાઈ એમ. વોરા તથા ધીમંતભાઈ મહેતાના યજમાન પદે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ. બહોળી સંખ્યમાં જ્ઞાતિજનોએ પૂજન અર્ચન દર્શનનો લાભ લીધો.

☺ ચિ. હર્ષ કેતનભાઈ બુચ ( ઉ. વ. ૬)એ ક્રાઇસ્ટ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં બેસ્ટ કે.જી. બ્રેઇનનો 'બ્લેસ્ડ કુરીયાકોસ ઈલીપાસ એવોર્ડ મેળવ્યો. સાથો સાથ નાની વયે કરાટેની કઠીન પરીક્ષા આપી ગ્રીનબેલ્ટ મેળવ્યો.

**ભુજ :** કિંતુર ઈન્દ્રવદન છાયા એલએલ.બી.ના છેલ્લા વર્ષમાં ઉત્તીર્ણ થયા.

☺ પ્રિયેશ શૈલેન્દ્ર પંડયા રાજકોટ એમ.બી.એ.માં પ્રથમ વર્ગ સાથે ઉત્તીર્ણ થઈ થોમસ કૂકમાં જામનગર ખાતે નિમાયા.

☺ જસદણ ખાતે ફર્સ્ટકલાસ મેજીસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા અત્રેના શ્રી દિગંત અરૂણભાઈ વોરાને સીનીયર સિવિલ જર્જ તરીકે બઢતી મળી.

☺ ચિ. પ્રાચી દ્વિજેન્દ્ર વોરાએ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં તથા ગણિત વિષયની કવીઝમાં સમગ્ર કચ્છમાં પ્રથમ સ્થાન મેળવ્યું.

**અભિમાન આવે છે અણસમજણથી, વિનય આવે છે સમજણથી.**

☺ શ્રી ના. બ્રા. સંચાલિત સોમનાથ મંદિરમાં શિવરાત્રી નિમિત્તે સવારના લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવેલ. ૧૨ વાગ્યે બીડું હોમવામાં આવેલ. જ્ઞાતિના યુવકો તથા શ્રી પરિમલ પાઠક અને પૂર્ણિમાબેને આયોજનની જવાબદારી ઉપાડી હતી. રાત્રીના મહાઆરતી થયેલ. જ્ઞાતિજનોએ ભકિતભાવથી ભાગ લીધો.

**અમદાવાદ :** શ્રી હિમાંશુભાઈ હરીહરરાય ધોળકિયાનાં પુત્રી કુ. દ્યુતિ ધોળકિયા વિદેશમાં અભ્યાસ માટે આવશ્યક ગણાતી ટોફેલ તથા IELTSની પરીક્ષામાં સફળતા મેળવી HR મેનેજમેન્ટના ઉચ્ચ અભ્યાસ અર્થે સ્ટુડન્ટ વિઝા ઉપર ન્યુઝીલેન્ડ ગયાં. કુ. દ્યુતિ ઉપરોકત બંને પરીક્ષા માટે કોચીંગ તથા માર્ગદર્શનનો બહોળો અનુભવ ધરાવે છે. આ અંગે hhd3250@yahoo.com પરથી ઈચ્છુકો માર્ગદર્શન મેળવી શકે છે.

**ગાંધીનગર :** શ્રી જલદિપ એમ. દેસાઈ રોહિણી ઈન્ડ.પ્રા. લી.માં IS0-9001ના ઓડીટ કરવા અને તે મેળવવા પોરબંદર નીરમા કેમીકલ્સમાંથી વડોદરા એબીબીમાં બદલાયા. તેઓ સિનિયર સેફટી ઓફીસર તરીકે ફરજ બજાવે છે.

☺ શ્રી મયુરભાઈ એન. દેસાઈ સપવિાર પૂના તથા સોલાપુર પાસે આવેલ તુળજાપુર ખાતે આવેલ તેમના કુળદેવી તુળજાભવાનીમાનાં દર્શન કરવા જઈ આવ્યા.

**વડોદરા :** અત્રે રમાયેલ બેંક ઓફ ઈન્ડિયા ઇન્ટરઝોન ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં શ્રી હિતેષ ઇન્દ્રવદનભાઈ બુચ સીંગલ્સમાં ચોથું સ્થાન તથા ડબલ્સમાં ચેમ્પીયન થતાં જનરલ મેનેજરના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો.

☺ વાઇબ્રન્ટ ગુજરાત અંતર્ગતના કાર્યક્રમો દરમ્યાન મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ વાઈબ્રન્ટ ફેશન વિક-૨૦૧૦માં અત્રેનાં કુ. મહીમા રસેન્દુભાઈ માંકડે (ઉ. ૨૦ વર્ષ) 'ગો-વાઇટ' થીમ રજૂ કરી ગુજરાતના પ્રથમ ૨૦ ફેશન ડીઝાઇનરમાં સ્થાન મેળવ્યું. આ કાર્યક્રમમાં અમિતાભ બચ્ચન તથા સર્મન જોષીએ હાજરી આપી હતી.

☺ અત્રેનાં કુ. મીતલ ધનંજયભાઈ બુચને અમદાવાદ ખાતે મેટ્રોપોલીટન કોર્ટમાં આસી. પબ્લીક પ્રોસીક્યુટર તરીકે બઢતી મળી.

☺ શ્રી રાકેશ વિનોદરાય વસાવડાને જીઈબી (જેટકો)માં વડોદરા ખાતે સુપ્રિ. એન્જીનીયર તરીકે બઢતી મળી.

☺ અત્રેના ડો. જતીન ઝાલાના પુત્ર દિગંત ઝાલા ફાઈનલ એમ.બી.બી.એસ. પાર્ટ-૧માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.

**મુંબઈ :** અત્રે તાજેતરમાં યોજાય ગયેલ મેરેથોન દોડમાં ૬૫ વર્ષની વયના શ્રી રમેશભાઈ એસ. વૈદ્યએ એક કલાકમાં પથી ૬ કિ. મી.નું અંતર કાપી યથાસ્થાને પહોંચેલ.

☺ શ્રી રમેશભાઇ વૈદ્ય,શ્રીમતી રાગીણીબેન તથા પુત્રી કુ. શ્વેતા નેપાળ, કાટમંડુ,હિમાલયના ૨૧ હજાર ફૂટ ઉંચાઈએ આવેલ મનોકામના દેવીનો પ્રવાસ સુખરૂપ કરી આવ્યાં.

☺ શ્રીમતી રાગીણીબેન વૈદ્યએ નાગર મંડળની મહિલા પાંખના ઉપક્રમે યોજાયેલ ગરબા સજાવટમાં તૃતીય ઈનામ મેળવ્યું.

☺ અત્રેના સૌમિલ પ્રબોધ પંડયા ગ્રાન્ડ મેડીકલ કોલેજ માંથી એમ.બી.બી.એસ.માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.

**નિંદા જેવું કોઈ પાપ નથી અને સત્સંગ જેવું પૂણ્ય નથી.**

## માત્ર જ્ઞાતિએજ નહીં...સમાજે બે મહામૂલા તબીબ ગુમાવ્યા

અસંખ્ય આમજનની જીંદગી બચાવી આશીર્વાદ મેળવનાર બે ગણનાપાત્ર છતાં ઋજુસ્વભાવના માનવતાવાદી તબીબો ગંભીર માંદગીમાં પટકાતાં તેની સારવાર માટે દેશના નિષ્ણાત તબીબો રાતદિવસ ઝઝૂમ્યા, કુટુંબ, જ્ઞાતિ, સમાજ પણ પડખે રહયો પરંતુ ઈશ્વરે તેની અકળ લીલાનો પરચો બતાવી કારી ફાવવા ન દીધી અને જ્ઞાતિએ જ નહીં સમાજે બે મહામૂલા યુવા તેજસ્વી તબીબો ગુમાવ્યા. જેની ખોટ કદી પૂરી શકાશે નહીં.

અમદાવાદ ખાતેના સિધ્ધહસ્ત ન્યુરોસર્જન ડો. પ્રદ્યોત પ્રદ્યુમ્નભાઈ વૈશ્નવનું ૪૦ વર્ષની વયે ગત માસમાં રાજકોટ ખાતે, તો રાજકોટ ખાતે વ્હોકાર્ડ હોસ્પિટલમાં ફિઝીશ્યન-ક્રિટીકલ કેર એકસપર્ટ - તરીકે કાર્યરત હોનહાર ડો. ચિંતન ઓઝા (રાજકોટના હાલ ભાવનગર સ્થિત શ્રી સુધીરભાઈ રજનીકાન્ત ઓઝાના પુત્ર)નું માત્ર ૩ર વર્ષની ભરયુવા વયે તાજેતરમાં જ નિધન થયું. બંનેના પરિજનોને શબ્દોથી આશ્વાસન ન આપી શકાય તેવો વજ્રાઘાત છે ત્યારે ઈશ્વર આ આઘાત સહન કરવાનું સામર્થ્ય આપે અને દિવંગતોના આત્માને ચિરઃશાંતિ આપે તેવી દિલથી પ્રાર્થના કરીએ.

---

### શ્રધ્ધાંજલિ



હરહંમેશ નિતિથી કસ્ટમની નોકરી કરી.
રહયા સદા સોના પાસે કાંકરા ગણીને જીવ્યા.
સદા કરકસર કરીને જીંદગી જીવી જાણ્યા.
દરેક ભોજનમાં સ્વાદના શોખીન રહયા.
ભાતું જીંદગીનું ધાર્મિક કાર્યોથી ભર્યું.
ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**લી. વ્હાલસોયી પુત્રીઓ :**
**શ્રીમતી નયનાબેન જીતેન્દ્રભાઈ-જામનગર,**
**દિવ્યાબેન પંકજભાઈ-જૂનાગઢ,**
**વત્સલાબેન જયેશભાઈ-ગોંડલ,**
**દિપાબેન ધ્રુવભાઈ-રાજકોટ,**
**હિનાબેન મેહૂલભાઈ-અંકલેશ્વર.**

---

### ઋણ સ્વીકાર



અમારા વડીલ મુ. કિશોરકાંત માંકડના તા. ૧૫-૨-૧૦ના રોજ અચાનક દેહવિલયથી અમારા ઉપર આવી પડેલ દુઃખમાં કુટુંબીજનો, મિત્રો, સ્નેહીજનો, જ્ઞાતિજનો તથા જ્ઞાતિ સંસ્થાઓએ રૂબરૂ, ટેલીફોન, ઠરાવ તથા પત્ર દ્વારા દિલસોજી વ્યકત કરી અમારા દુઃખમાં સહભાગી થનાર સર્વના ઋણી છીએ.

**લી. ગં. સ્વ. લીલાવતી કિ. માંકડ**
**તથા સમગ્ર પરિવાર - રાજકોટ.**

### ઋણ સ્વીકાર



સૌ. વિશાખા પૂર્ણેન્દુ બુચના તા. ૧૮-૧-૨૦૧૦ના રોજ નીપજેલા અકાળ અવસાન સબબ અમને સૌ સહૃદયી સ્વજનો તથા મિત્રો તરફથી ટેલીફોન, તાર ટપાલ તથા રૂબરૂ આશ્વાસન સંદેશ મળ્યા તે માટે આ તકે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

**ડો. પી. જે. બુચ-શ્રી ચેતન મજમુદાર**
**ડો. કેતન બુચ-ડો. શ્રેયા બુચ**
**ડો. દિપ્તી બુચ-ડો. ધીરેન બુચ તથા**
**- બુચ પરિવાર -**

સુખની સાચી કિંમત સમજાય માટે ઈશ્વરે દુઃખનું નિર્માણ કર્યું છે.

# અમારો ઈજીપ્તનો પ્રવાસ...

જામનગરના ડો. સનતભાઈ વસાવડા તથા તેમના લઘુબંધુ કર્નલ શશીકાન્તભાઈ અને શ્રીમતી હિનાબેને ગત ૧૬ થી ૨૫ ઓગષ્ટ સુધી ઈજીપ્તના પ્રવાસે જઈ આવ્યા. તેઓએ લખી મોકલેલ ઈજીપ્તનું પ્રવાસવર્ણન અત્રે પ્રસ્તુત છે...

ઈજીપ્તની સંસ્કૃતિ ૩૫૦૦ વર્ષ પૂરાણી છે. તે સંસ્કૃતિના ભગ્નાવશેષોનું દર્શન હેરત પમાડે તેવું છે. ઈજીપ્ત આફ્રીકા ખંડના ઉત્તર-પૂર્વ ભાગે આવેલો દેશ છે. ઉત્તર ભૂમધ્ય અને પૂર્વમાં રાતો સમુદ્ર આવેલ છે. તેના મધ્ય ભાગમાંથી દુનિયાની મોટી નદી નાઇલ દક્ષીણથી ઉત્તરે વહે છે. જેના કાંઠા પર મીસરની સંસ્કૃતિ ફાલી ફુલી હતી.

અમે એક પ્રવાસકંપનીમાં જામનગરથી કેરોનો પ્રવાસ ગોઠવ્યો હતો. કેરો એરપોર્ટથી સરસ સગવડવાળી હોટલ 'દ-જોસર'માં મુકામ બાદ બીજે દિવસે કંપનીના ગાઇડ સાથે વિશ્વવિખ્યાત મ્યુઝિયમ જોવા ગયા.જેમાં પૂરાણી સંસ્કૃતિનો વારસો ભરચક ભર્યો હતો. તે વખતના રાજાઓ 'ફેરો' કહેવાતા. તેમના પોષાકો, અલંકારો, શસ્ત્રો, ઓજારો, રથ, પલંગ હોડી તથા ખનન દરમ્યાન મળેલ અસંખ્ય મૂલ્યવાન વસ્તુઓ પ્રદર્શીત છે. ફેરોના મમી પણ પ્રદર્શીત છે. ખાસ તો ફેરો તુતેનખામુનનું મમી એરકન્ડીશન રૂમમાં રાખેલ છે. જેને હાલમાં પ્રદર્શન માટે વિદેશ લઈ ગયા છે.

બપોરના મીસરના વિખ્યાત ગીઝાના પીરામીડે જોવા ગયા. ગીઝામાં ત્રણ મોટા પિરામીડો છે.૧) ખૂફુનો પિરામીડ ૧૪૬મીટર ઉંચો છે. ૨) ખાફરાનો પિરામીડ ૩) મેનકુરાનો પિરામીડ છે. આ ત્રણે ફેરો, બાપ દિકરો અને પૌત્ર હતા. પિરામીડની સન્મુખમાં 'સ્પીન્કસ' સ્ત્રીના મુખવાળી સિંહણનું એક ટેકરી ઉપર શિલ્પ છે. જેને કાળનો ઘસારો અને ભાંગફોડીયા તત્વોએ ઘણી ભાંગફોડ કરી છે. ૩૦૦૦ હજાર વર્ષ પૂર્વે ટાંચા સાધનોથી આવી મહાકાય કૃતિઓ,૧૦ ટનના પત્થરો આટલી ઉંચાઈએ કેમ ચડાવ્યા હશે ? અહો આશ્ચર્યમ્ ! રાત્રે આ જ જગ્યા ઉપર લાઇટ એન્ડ સાઉન્ડ શો થાય છે. તે જોવાની પણ મજા આવી. સવારે સ્વખર્ચે ત્યાંની જાણીતી ખલીલ બજાર જોવાની હતી. રાત્રે ટ્રેન મારફત અમારે લક્ષુર જવાનું હતું.લક્ષુર નાઇલ નદીમાં આલીશાન ક્રુઝમાં અમારો ઉતારો હતો. ત્યાં ૩૦-૩૫નું ગ્રુપ થઈ ગયું જેમાં ઈન્ડીયનતો અમો ત્રણ જ હતા. નાઈલ નદીમાં સવાર સાંજની અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો થતા.

બપોરે નાઈલના પૂર્વ કિનારે આવેલા પ્રખ્યાત કોનાર્ક અને લક્ષુરના ખંડિત મહાકાય મંદિરો જોયાં. મંદિર 'આમૂન'નામના દેવને સમર્પિત છે. રામાસીસ બીજાના મોટા પૂતળાંઓ,મોટા સ્તુપો,ઓબીલીક્ષ, પ્રાર્થના ખંડો પરિસર વગેરે ભવ્ય છે.પશ્ચિમ કિનારે આવેલ 'વેલી ઓફ કિંગ્ઝ'જોયાં. આ કિનારે ફારોનું કબ્રસ્તાન છે. એમનોફીસ ત્રીજા'ના આસન પર આરૂઢ બે મહાકાય પૂતળાઓ જોવાલાયક છે જેને 'કોલોઝાઇ ઓફ મેમનોન' કહે છે. જેની ઉંચાઈ ૬૪' છે. આ ઉપરાંત ઈજીપ્તની શકિતશાળી સ્ત્રી ફેરો રાણી 'હેટસુપસેટ'નું બે માળનું ભવ્ય મંદિર 'દર અલ બહારી'માં છે. આ ઉપરાંત વેલી ઓફ કિંગ્ઝમાં અત્યાર સુધીમાં ૬૦ કબરો શોધવામાં આવેલ છે. જેને નંબર આપવામાં આવેલ છે. અમે ત્રણ કબરોમાં પ્રવેશ કર્યો તેમાં રામાસીસ, તુતમોસીસ,તુતેનખામુનની ખાસ હતી. તુતેન ખામૂનની કબરમાંથી મળી આવેલ પૂષ્કળ ખજાનો અને અમૂલ્ય સામગ્રીમાંની ઘણી ઈંગ્લેન્ડ, ફ્રાન્સ અને અમેરીકાના મ્યુઝીયમમાં છે.

પ્રાચીન ઈજીપ્તમાં રાજાઓ અને ઉમરાવોના મૃત્યુ બાદ શબને દફનાવવા પહેલાં અવયવો કાઢી

**દુર્ગુણ જોવા એ બગદ્રષ્ટિ છે, ગુણો જોવા એ હંસદ્રષ્ટિ.**

તેના પોલાણમાં ઔષધ ભરી દવાવાળા પાટાથી વિટાળીને દફનાવવામાં આવતું હતું. કબરમાં રાજાને સુખસગવડ માટેની બધીજ સામગ્રી મુકવામાં આવતી હતી. જે લૂંટારા લૂંટી પણ જતા હતા.

ત્યાર પછીના દિવસે અમો એડફું અને કોમ ઓમબોના મંદિરો જોવા કૃઝમાં ગયા. એક ભાગ સોબોક દેવ-મગર દેવ અને બીજો ભાગ હોરોસ ગરૂડદેવને સમર્પિત છે. ત્યાંથી આશ્વાન શહેર તરફ કૃઝમાં આગળ ગયા. આશ્વાન ડેમ બંધાતા ડૂબમાં ગયેલ 'ફીલે' મંદિરને સ્થળાંતર કરી બીજા ટાપુ પર લઈ ગયા છે. જે મંદિર ઈસીસ નામની દેવીને સમર્પિત છે.આશ્વાનમાં નાઈલના પશ્ચિમ કિનારે ઈસ્માઈલી ખોજાના ધર્મગુરૂ નામદાર આગાખાનની મજાર છે.

જ્યાંથી આવ્યા બાદ બીજે દિવસે વ્હેલી સવારે અબુ સિંબલ નામના રામાસીસે બંધાવેલ મંદિરો જોવા ૩૫૦ માઈલ ટેક્ષીમાં ગયા. બધો માર્ગ રણનો વેરાન ભાગ છે. ૯ વાગ્યે અબુ સિંબલ પહોંચ્યા. બે મંદિરો જોયાં. બધાં મંદિરની દિવાલ પર ચિત્રલીપીમાં અવાચ્ય લખાણો છે. તેથી ઈજીપ્તની પૂરી સંસ્કૃતિ જાણી શકાઇ નથી. પરંતુ એક સુખદ અકસ્માતથી ફ્રાંસનો એક ઈન્જીનીયર નાઇલના પશ્ચિમ મુખ પર લશ્કર માટે મકાનો બંધાવતો હતો ત્યારે નદીના પટમાંથી કાળા ગ્રેનાઇટનો એક વિરાટ પત્થર જેની પર ત્રણ ભાષામાં લખાણો કોતરેલ તે મળી આવ્યો.જેમાં ચિત્રલીપી,ડેમોટીક અને ગ્રીક ભાષામાં લખાણ હતું. જેનાથી સત્ય બહાર આવ્યું. આ પત્થર નાઈલના રોઝેટો નામના મુખમાંથી મળી આવ્યો હોવાથી તેને 'રોઝેટો સ્ટોન' નામ આપવામાં આવ્યું જે હાલમાં બ્રિટીશ મ્યુઝીયમ લંડનમાં છે.

જેને પૂરાતન ઈતિહાસ અને સંસ્કૃતિ જાણવામાં રસ હોય સાથે સમય અને બજેટની વ્યવસ્થા હોય તો ઈજીપ્તનો પ્રવાસ ખરેખર આનંદદાયક બની રહેશે.

માધ્યમિક શાળામાં પિરામીડો વિષે વાંચેલ ત્યારે હું પણ પિરામીડ જોઈ શકીશ તેવું ધાર્યું નહતું, તે સ્વપ્ન સિધ્ધ થયું તેનો આનંદ તો કાંઈ ઔર છે.

## નોટરી તરીકે નિયુક્ત થતા શ્રી વૈશ્નવ

ગુજરાત સરકારના કાયદા વિભાગ દ્વારા જામનગર ખાતેના મજૂર કાયદાના ધારાશાસ્ત્રી શ્રી નવનીત જી. વૈશ્નવની નિમણુંક કરવામાં આવી છે. નાગર જ્ઞાતિમાં શ્રી વૈશ્નવ જામનગર શહેરમાં પ્રથમ નોટરી તરીકે નિમણુંક પામેલ છે. તેઓએ વકીલાતની શરૂઆત કર્યા બાદ પ્રસિધ્ધ બીરલા કંપનીની દિગ્જામ વુલન મીલમાં લેબર ઓફીસર તરીકે જોડાયા હતા અને ત્યારબાદ જામનગર ખાતે મજૂર અદાલતની સ્થાપના થતાં તેઓ ફરીથી એડવોકેટ તરીકે કાર્યરત થયેલ. હાલમાં તેઓ જુદી જુદી અનેક કંપનીઓ, સહકારી બેંકો, શીપીંગ કંપનીઓ,નિગમોમાં કાનૂની સલાહકાર તરીકે કાર્યરત છે અને લેબર લોના પોતાના બહોળા અનુભવનો લાભ આપી રહયા છે.

શ્રી નવનીતભાઈ અત્રેની સેવાભાવી સંસ્થા નાગર સોશ્યલ ગ્રુપના માનદ્ સલાહકાર, સમગ્ર ગુજરાત નાગર પરિષદના ઉપપ્રમુખ,જાયન્ટસ ગ્રુપ ઓફ જામનગર (પૂર્વ)ના ડાયરેકટર તરીકે પણ સેવાઓ આપી રહયા છે. અભિનંદન.



## નૃત્ય વિશારદમાં કુ. દ્રષ્ટિ વૈશ્નવ ઉત્તીર્ણ

જૂનાગઢ સ્થિત શ્રી નિખિલભાઈ તથા શ્રીમતી બીના વૈશ્નવનાં પુત્રી કુ. દ્રષ્ટિ વૈશ્નવે ભરત નાટયમ્ ઉપાધ્યાય વિશારદની પરીક્ષામાં માત્ર ૧૪ વર્ષની વયે ઉત્તીર્ણ થયાં. તેણીએ શ્રીમતી મીનળ ઉદય સેવક પાસે નૃત્યની તાલિમ મેળવી છે.

**ભકિત એવી હોવી જોઈએ કે ભગવાનને ય ચૈન ન પડે.**

**અવસાન નોંધ :** – શ્રી કિશોરકાંતભાઈ એ. માંકડનું રાજકોટ ખાતે દેહાવસાન થતાં જ્ઞાતિને ધર્મનિષ્ઠ વડીલની ખોટ પડી છે. --જૂનાગઢના ફીઝીશ્યન ડો. પી. જે. બુચના પત્ની શ્રીમતી વિશાખાબેન બુચનું અવસાન. --જ્યોત્સના બેન ભાલચંદ્રભાઈ ઢેબરનું ૭૮ વર્ષની વયે વડોદરા ખાતે. --અમદાવાદ સ્થિત --ભાવનગરનાં દુર્ગાબેન વિષ્ણુ પ્રસાદ બુચનું જૂનાગઢ ખાતે. -- શ્રીમતી મનોરમાબેન રસિકલાલ વસાવડાનું ૭૬ વર્ષની વયે મલાડ-મુંબઈ ખાતે. -- શ્રી નૃપેન્દ્રભાઈ કપીલરાય મહેતાનું ૯૦ વર્ષની વયે વડોદરા ખાતે. -- જૂનાગઢનાં શ્રીમતી વનલીલાબેન વિનોદરાય વસાવડાનું અવસાન. -- શ્રીમતી યોગિનીબેન વિરંચીભાઈ દેસાઈનું ૯૮ વર્ષની વયે વડોદરા ખાતે. -- શ્રી જાગેશ ઋષિરાય જોશીપુરાનું ૫૫ વર્ષની વયે રાજકોટ ખાતે. -- શ્રી યશ્વીનકુમાર પાર્વતીશંકર દેસાઈનું ૬૯ વર્ષની વયે વડોદરા ખાતે. -- શ્રી પ્રવિણચંદ્ર નાનાલાલનું ૭૪ વર્ષની વયે ભુજ ખાતે. -- ઉર્વિબેન કિર્તીભાઈ ધોળકિયાનું ૩૪ વર્ષની વયે ગાંધીધામ ખાતે.-- અ. સૌ. પૂર્ણિમાબેન પ્રકાશભાઈ છાયાનું ૫૮ વર્ષની વયે ભુજ ખાતે. --શ્રી કિશોરકાંત જયંતિલાલ વૈશ્નવનું ૮૨ વર્ષની વયે વડોદરા ખાતે. શ્રીમતી ધ્રુમનબાળાબેન વિજયલાલ દેસાઈનું વડોદરા ખાતે. --શ્રી કિરીટભાઈ યાદવેન્દ્રરાય બક્ષીનું ૭૫ વર્ષની વયે વડોદરા ખાતે.-- ગં. સ્વ. તરલીકાબેન કપિંજલભાઈ દેસાઈનું ૮૪ વર્ષની વયે અમદાવાદ ખાતે.

## નીચેની દરેક નોંધ વાંચી જશો...કોઇક તમારા લાભની પણ હોઇ શકે છે !

(૧) તા. ૨૯/૩ના રોજ દાદાનો પાટોત્સવ છે. ઠેરઠેર ઉજવણી થશે...જેનો અહેવાલ મોડામાં મોડા તા. ૧૦ એપ્રિલ સુધીમાં મોકલી આપવા પ્રતિનિધિઓ-સંસ્થાના હોદેદારો-કાર્યકરોને વિનંતી છે. વિશિષ્ટ આયોજનને વધુ જગ્યા સાથે અગ્રતા આપવામાં આવશે. ફોટોગ્રાફ મોકલવાથી યોગ્યતા અને જગ્યાના આધારે પ્રસિધ્ધ કરવામાં આવશે અને બરછીની વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

(૨) લગ્નવિષયક જાહેરાતો બરછીની વેબસાઇટ www.barchhi.com ઉપર આવતા માસથી મુકવામાં આવશે. જો આપના પુત્ર/પુત્રીનું સગપણ થઈ ગયેલ હોય તો જે તે ક્રમનંબર રદ કરવા તુરત કાર્યાલયને ફોનથી જાણ કરી અમારી કામગીરી ઘટાડવામાં સહયોગ આપવા વિનંતી છે.

(૪) પ્રસિદ્ધિપાત્ર ફોટાના પ્રોસેસખર્ચના રૂા. ૫૦/- ફોટા સાથે જ મોકલવાના રહે છે.

(૫) શ્રી વ.ના. મંડળ મુંબઈ દ્વારા અપાતાં ઈનામો શિષ્યવૃત્તિઓના ચેક/પ્રમાણપત્ર મળવાપાત્ર વિદ્યાર્થીઓને સરનામે મોકલી આપવામાં આવેલ છે મળ્યે/ ન મળ્યે સંસ્થાનો સંપર્ક કરશો.સંસ્થાઓ દ્વારા થતી આવી અનેકવિધ પ્રવૃત્તિ ચાલુ રાખવા,વેગ આપવા સંસ્થાનું સભ્યપદ મેળવીને કે અનુદાનથી પીઠબળ આપવા અપીલ અસ્થાને નહીં ગણાય. સાથોસાથ સંતાનો (વિદ્યાર્થીઓ)ને અન્ય માટે યોગદાન આપવાની નૈતિક ફરજની શીખ અને સંસ્કાર મળશે.

(૬) કોઇપણ ક્ષેત્રે મેળવેલ સિદ્ધિ-સફળતાના કે સંસ્થાના મોટા સમાચારો,પુસ્તક પરિચય (પુસ્તક મોકલવું જરૂરી) સમયસર પ્રસિધ્ધ કરાવવા ઈચ્છતા હો તો આ લખાણ સંકલન કરી ટૂંકાણમાં લખીને મોકલવા વિ. સમાચારો પુષ્કળ પ્રમાણમાં મળતા હોવાથી સમયના અભાવે સંકલન ન થઈ શકતાં તે સમાચાર મોડા પ્રકાશિત થતા હોય છે. ઈતરવાંચન સાહિત્ય પણ પુષ્કળ પ્રમાણમાં મળે છે દરેકને સ્થાન આપવું શકય નથી. આપે મોકલેલ સાહિત્ય પરત મેળવવા ઈચ્છતા હો તો રૂા. ૫/ની ટપાલટીકીટ જોડી પરત મગાવી શકો છો. વિચારકણિકા સંકલન : શ્રી મધુકર પી. માંકડ, જામનગર. જેને તમે પણ મોકલી શકો છો.

(૭) મોટાં શહેરોમાં બરછી ન મળવાની ફરીયાદ ચાલુ રહે છે. કોમ્પ્યુટરમાં નોંધાયેલ ગ્રાહકોને એક જ દિવસે એક સાથે ગામ,પીનકોડ પ્રમાણે બંડલ બાંધી બરછી રવાના કરવામાં આવે છે તેથી પોસ્ટમેનને/ફલેટના વોચમેનને પૂછો. અરજી કરો. ટપાલ કાયમ અનિયમીત મળતી હોય તો ડાક અદાલતમાં પ્રશ્ન મૂકી જવાબ માંગો.-તંત્રી.

**ભગવાને 'મા'ની ગીફટ આપી છે પછી તેની પાસે કશું જ માંગવાનું રહેતું નથી.**

# ----- અમેરીકા - નાગરો -----

**આલેખન : શ્રી પ્રભાકર ધોળકિયા**

(નિવૃત્ત કાયદા સચિવ અને રાજ્ય મુખ્ય ચૂંટણી આયુક્ત)

અમેરીકાની યાત્રાનું અવલોકન કરતી વખતે મારા છ માસના લાંબા પ્રવાસ દરમ્યાન કચ્છ જેની જન્મભૂમિ-કર્મભૂમિ હતી અથવા કચ્છ સાથે જેનો સંપર્ક હતો તે વ્યકિતઓ સાથેના મારા સંસ્મરણોની યાદ તાજી ન કરૂં તો આ પ્રવાસનું મૂલ્યાંકન અધુરૂં ગણાશે.

ભુજ કચ્છમાં જન્મેલ તથા છેલ્લે કચ્છના કલેકટર રહેલ શ્રી હરિભાઈ છાયા જેઓ છેલ્લા ૨૫-૩૦ વર્ષથી શિકાગોમાં છે તેમનો અને મારો સંપર્ક અવારનવાર થતો રહેલ. ૯૪ના હરિભાઈની યાદદાસ્ત સચોટ છે અને પ્રતિભા તેજસ્વી છે અને વાતો કરવાનો શોખ પણ ખરો. કચ્છના સંભારણાની વાતો કરે ત્યારે હું પણ અતિતમાં ડૂબી જતો હતો. તેમનાં પુત્રી અંજનાબેન એટલે ભારતમાં ટેલીકોમ્યુનિકેશન ક્ષેત્રે ક્રાંતિ સર્જનાર સામ પિત્રોડાના પત્ની.આજે પણ આ ક્ષેત્રમાં સુધારાઓ માટે રચવામાં આવેલ સમિતિઓમાં સામ પિત્રોડાને ઉચ્ચ સ્થાન આપેલ છે.અમારે મુ. હરિભાઈ, અંજનાબેન તથા પુત્ર યશેષભાઈ સાથે અવારનવાર થતી વાતોમાં મુખ્ય મુદ્દો કચ્છના વિકાસનો રહેતો.

કેલીફોર્નિયામાં લોસએન્જલસનાં અમારા રોકાણ દરમ્યાન ભુજના વતની સ્વ. લક્ષ્મીલાલભાઈ અંતાણીના પુત્ર ધર્માન્શુ જેઓ છેલ્લા ૨૦ વર્ષથી અત્રે એરોનોટીકલ ઈન્જીનીયર છે.તેઓ અમને રસરંજન રેસ્ટોરાંમાં લઈ ગયા જ્યાં ગુજરાતી થાળી ઉપરાંત ભેળ,પાણીપુરી,દહીંવડાં જેવી વાનગીઓ પણ મળ રેસ્ટોરન્ટના માલિક સાથે વાતચીતમાં જણાવ્યું કે પોતે ભાટીયા જ્ઞાતિના છે. ભૂતપુર્વ ટેસ્ટ ક્રીકેટર વિજય મરચન્ટના કુટુંબ માંથી આવે છે અને બે ત્રણ પેઢી પહેલાં તેઓ કચ્છના લખપતમાં રહેતા હતા. અમને તેઓએ પ્રેમથી જમાડયા.

આ ઉપરાંત અહીંના રોકાણ દરમ્યાન નાગરો તથા અન્ય જ્ઞાતિના આગેવાનો સાથે મળવાનો મોકો મળ્યો. ભુજના વતની મુંબઈમાં સ્થાયી થયેલ એડવોકેટ જનકભાઈ ધોળકિયાના પુત્રી ઉલ્લાસબેન અને પતિ ભરતભાઈના પુત્ર અમેરીકન એરફોર્સમાં પાયલોટ તરીકે પસંદગી થતાં સત્કાર સમારંભમાં હાજર રહેવાનું થતાં ત્યાં અંજારના વકીલ દુલેરાય ધોળકિયાનાં પુત્રી જે હવે અમેરીકન નાગરીક છે તેને મળવાનું થયું. ત્યાંના વાતાવરણમાં સૌ ઓતપ્રોત થઈ ગયેલ છે તેનું દ્રષ્ટાંત જોઈએ તો ત્યાં મિલન સમારંભમાં સંગીતનો કાર્યક્રમ હોય અને છેલ્લે જેને રસ હોય તે બધા સમૂહમાં નૃત્ય કરે,નાચે-જુમે. આવા કાર્યક્રમમાં હાજરી આપી લાભ લેવો તે એક લ્હાવો છે.

'કચ્છ મિત્ર'ના તંત્રી સ્વ. બંસીલાલ છાયા અને એડવોકેટ યોગેશચંદ્ર માંકડના ભાણેજ સુધીરભાઈ વૈષ્ણવ જેઓ ૩ર વર્ષથી અમેરીકામાં છે અને મીડિયા જગતમાં મહત્વનું સ્થાન ધરાવે છે.ગાઢ રાજકીય સંપર્કો પણ ધરાવનાર, આનંદી સ્વભાવના સુધીરભાઈને મળતાં ભુજનું વાતાવરણ યાદ આવી ગયું ! ભુજ કચ્છમાં સને ૧૯૫૭-૫૯ દરમ્યાન ડીસ્ટ્રીકટ જજ તરીકે નવનીતભાઈ માંકડ ફરજ બજાવતા હતા તેમની પુત્રી મંજરીબેન જેઓએ બે વર્ષ ભુજમાં અભ્યાસ કરેલ. તેઓ તથા તેમના પતિ જગદીશભાઈ જેઓ અમરીકાના ખ્યાતનામ આર્કિટેકટ છે અને સરકારે નીમેલ અનેક સમિતિઓમાં સભ્ય તરીકે સ્થાન પામેલ છે. આ દંપતી ગુજરાતી સમાજમાં પણ મહત્વનું સ્થાન ધરાવે છે.તેમને પણ અવાર નવાર મળવાનું થતું. વરિષ્ઠ નાગરીક છતાં રંગીન મિજાજના...નાચે જુમે ત્યારે સહુના આકર્ષણનું કેન્દ્ર બને.

**પોતાને સાચવવા માટે કદાપિ બીજાને બદનામ ન કરો, સમય આવતાં સત્ય પ્રગટ થશે.**

ભુજમાં અમારૂં ઘર ૨૫૦ વર્ષ જૂનું. નાગર ચકલા-કાળાભાઈના ડેલામાં હતું. તેમાં શરૂઆતથી શ્રીફળના સ્વરૂપમાં માતાજીની સ્થાપના ૪-૫ પેઢીથી થયેલ. મારા પિતા-માતાએ તન મન અને ધનથી પૂજન અર્ચન ભક્તિ કરેલ. સંજોગોવસાત તે માતાજીની સ્થાપના મારા નાના કાકા રવિન્દ્રભાઈને ત્યાં પ્રથમ મુંબઈમાં તેમના ઘેર અને પાછળથી સને ૧૯૮૭માં તેમના પુત્ર ચિ. કુશને ત્યાં કરેલી. જેની નિયમ મુજબ આજે પણ સેવાપૂજા કરે છે. હું તેમને ઘેર જમવા ગયેલ ત્યાં માતાજીના દર્શન કર્યાં અને ભાવવિભોર બની ગયેલ. ભુજના જે ઘરમાં મારો જન્મ થયેલ, અભ્યાસ કર્યો અને જીવનનાં કુલ ૨૬ વર્ષ વિતાવ્યાં તે ઘરનું ભલે આજે અસ્તિત્વ પણ નથી પરંતુ ખૂણેખૂણો યાદ છે તે મને યાદ આવી ગયું અને આંખમાંથી પાણી આવી ગયાં. મેં ૨૩ વર્ષ પછી માતાજીના દર્શન કર્યાં, તેને હું મારી અમરીકાની યાત્રાનો સૌથી યાદગાર દિવસ ગણું છું.

## નાગર પરિષદના ઉપક્રમે મે માસમાં 'પરિચય-પસંદગી અભિયાન'

અ. ભા. ના. પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે ૨૭ વર્ષ ઉપરની કન્યા તથા ૩૦ વર્ષ ઉપરના યુવકો માટે 'જીવનસાથી પરિચય પસંદગી અભિયાન' મે-૨૦૧૦માં રાજકોટ ખાતે નિરધારેલ છે. ઉમેદવારી ફોર્મ વિનામૂલ્યે મળશે. ઉમેદવાર નોંધણી માટે રૂા. ૨૫૧/- વધુ ૧ વ્યક્તિ સાથે રૂા. ૩૦૦ તથા ૧થી વધુ વ્યક્તિના રૂા. ૪૫૦/-નિયત કરાયેલ છે. ઉમેદવારીપત્રક ભરીને તા. ૨૮-૪-૨૦૧૦ સુધીમાં ચેક/રોકડા/મ.ઓ.થી નીચેના સરનામે મોકલી આપવાના રહેશે. મે. રીલાયેબલ એસોસીએટ, FF-18 સદ્‌ગુરૂ કોમ્પલેક્ષ, રૈયા રોડ, રાજકોટ. રાજકોટ ખાતે ફોર્મ/માહિતી મેળવવા શ્રી અરૂણાબેન મહેતા-૨૪૭૨૧૩૧, શ્રીમતી નંદિતાબેન બક્ષી-૨૪૩૧૪૫૮,શ્રીમતી જયશ્રીબેન વોરા-૨૭૫૮૭૨૮, શ્રીમતી દિવ્યાબેન દેસાઈ-૨૫૭૭૨૭૦,શ્રી કુષ્માંડરાય ભચેચ-૨૪૩૨૯૫૧નો સંપર્ક કરશો. બહારગામના ઉમેદવારો જે તે શહેર/ગામની પરિષદના હોદેદારો પાસેથી ફોર્મ મેળવી શકશે.

## હાટકેશ સિનિયર સીટીઝન્સ કલબ ભુજ

ઉપરોકત સંસ્થાના ઉપક્રમે શિવમ પાર્ક માધાપરમાં રહેતા સભ્યોના સૌજન્યથી અને જ્ઞાતિજનોના સહકારથી શિવમપાર્ક કોમ્યુનિટી હોલના પ્રાંગણમાં તા. ૨૭/૩ના રોજ સાંજે ૫ થી ૭ દરમ્યાન મિલન સમારંભનું આયોજન થઈ ગયું. કુટુંબ મેળાવડા જેવા વાતાવરણમાં શ્રી ભારતેન્દુ માંકડની પ્રાર્થનાથી શરૂ થયેલ કાર્યક્રમમાં શ્રીમતી વંદનાબેન પટ્ટણી અને નિરંજનાબેન ધોળકિયાએ સર્વે સભ્યોનું પ્રતીક સ્વાગત કરેલ. શ્રી અરૂણભાઈ બક્ષીએ સ્વાગત વકતવ્ય સાથે ૯૫ વર્ષના જૈફ છતાં સ્વસ્થ વડીલ શ્રી નીલકંઠભાઈ ધોળકિયાનો પરિચય આપ્યો. મુ. નીલકંઠભાઈના આશીર્વચન બાદ ડો. પ્રભાકર ધોળકિયા અને ડો. યોગેશ ઘોડાએ વયસ્ક નાગરીકોને થતી હાડકાની તકલીફ, કાળજી અને રીપ્લેસમેન્ટ વિશેની માહિતી આપી હતી. વૈદ્ય નિપુણ બુચે ઘરમાં લગભગ એકલી રહેતી મોટી ઉંમરની વ્યક્તિઓએ શું સાવધાની રાખવી, ખાવાપીવાની કાળજી અચાનક બિમાર પડી જતાં પ્રાથમિક સારવાર કેમ મેળવવી તેમજ અન્ય આર્થિક સામાજીક તકલીફો વિશે કલબ કેવાં સક્રિય પગલાં લઈ શકે...ઉપયોગી થઈ શકે તેની આગાખાન ટ્રસ્ટનું દ્રષ્ટાંત આપી સુંદર છણાવટ કરી હતી.

પ્રમુખશ્રી પરિમલભાઈ ધોળકિયાએ પ્રાસંગિક સંબોધન કર્યું અનેક બંધુઓએ ભજનો, કાવ્યો, ફિલ્મીગીતો રજૂ કર્યાં છેલ્લે લકી ડ્રો પણ રાખવામાં આવેલ. શ્રીમતી નયના માંકડે સમગ્ર કાર્યક્રમનું હળવી શૈલીમાં સંચાલન કર્યું હતું. શ્રી હરિભાઈ અંતાણીએ આભારદર્શન કર્યા બાદ અંતમાં શિવમ પાર્કના જુનીયર હાટકેશબંધુઓએ સંભાળેલ અલ્પાહારની વ્યવસ્થાનો લાભ લઈ સૌ છૂટાં પડેલ.

**ઈશ્વર એવો ક્ષમાવાન છે કે આપણને હંમેશા પસ્તાવાની તક આપે છે.**